No. of Printed Pages : 4

**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

00003

**June, 2016**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

1. નીચેના વિષયોમાંથી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*
   - (a) ટોલ આંદોલન
   - (b) લગ્ન પાછળના ખર્ચા
   - (c) મુસાફરીનો આનંદ
   - (d) માનવ શરીર-રાસાયણિક કારખાનું

2. નીચેનામાંથી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના ઉત્તર આપો. *8*
   - (a) પત્રકારત્વ લોકમાનસનું ઘડતર કઈ રીતે કરે છે ?
   - (b) 'જક્ષણી' વાર્તામાં નીપજતું હાસ્ય.
   - (c) ભાષામાં રૂઢિપ્રયોગ અને કહેવતનું સ્થાન શું છે ?
   - (d) કડલાં ઉતારવા તૈયાર થયેલી હેતીની મનોદશા કેવી હતી ?
   - (e) કોઈ પણ ધ્વનિનું ઉચ્ચારણ કરવામાં નાદતંત્રી શો ભાગ ભજવે છે ?
   - (f) રોબર્ટ બોઈલ આધુનિક રસાયણના પિતા તરીકે ઓળખાય છે – શા માટે ?

**3.** (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. *4*

(i) સુમેરમાં આડી, ઊભી અને ત્રાંસી રેખાઓથી બનેલા લિપિચિહનો ને ________ તરીકે ઓળખવામાં આવે છે. (બ્રાહ્મીઅક્ષર, ખરોષ્ટી અક્ષર, કીલાક્ષર)

(ii) જે ધ્વનિઓ શબ્દોમાં અરસપરસની અદલાબદલીથી ભાષામાં અર્થભેદ કરે છે તેમને ________ કહે છે. (સ્વર, ધ્વનિસંકેત, વ્યંજન)

(iii) ભારતના બંધારણની ________ કલમ પોતે એક એવો મૂળભૂત હક્ક છે જેના વિના બીજા મૂળભૂત હક્કો અર્થહીન બની જાય. (144મી, 32મી, 30મી)

(iv) કયા પદાર્થોના મિશ્રણથી રાસાયણિક શસ્ત્રો બનાવી શકાય એનો ઉલ્લેખ ________ માં જોવા મળે છે. (કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્ર, ચરકસંહિતા, સુશ્રુતસંહિતા)

(b) રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડ મેળવી લખો. *4*

| | | | |
|---|---|---|---|
| (i) | ધૂળ કાઢવી | (1) | વિનંતી કરવી |
| (ii) | છાતીએ બાંધવું | (2) | ભાન થવું |
| (iii) | છેડો પાથરવો | (3) | ધમકાવવું |
| (iv) | આંખ ઉઘડવી | (4) | પાસેને પાસે રાખવું |

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંક નોંધ લખો. 6

(a) સુંદરજીશેઠની દિલાવરી.

(b) રંગકોની ખાસિયત.

(c) ગામના પ્રશ્નો ઉકેલવામાં પંચાયતનો ફાળો.

5. નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તે વાક્યો ફરીથી લખો. 4

(a) કડક મોહનલાલને રોટલો હોવાથી મુશ્કેલી ચાવતાં પડી તે.

(b) વાહનચાલકોને લાઈટનો આંજી બસની દેતો હતો પ્રકાશ.

(c) ગુલાબની હથેળી તે કોમળ જેવી બાળકની હતી પાંદડી.

(d) સરકાર બધી જ પર્યાવરણની અને કાયદા જાળવણીની છે જવાબદારી પળાવનારની.

6. નીચે અવતર ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલ ખાનામાં ખરાની (√) નિશાની કરીને દર્શાવો. 4

(a) "આ બધા લે છે ને તું કેમ ન લે ? મોટો લાટ થઈ ગયો એમ ?"

(i) ભલી

(ii) સિપાઈ

(iii) સુંદરજીશેઠ

(b) "લૂગડાંની ગંધથી હું ઘણા લોકોને પારખું છું."

(i) રાઈ

(ii) નોકર

(iii) વંજુલ

(c) "તે કયે દા'ડે પૂછડું પકડ્યુંસે કે તને આનાવારી, સહકારી ને ધિરાણ ને મે'સૂલ ને એવી બધી ગમ પડે ?"

(i) રઘો

(ii) ટપુ

(iii) દામજીભા

(d) "નામ તો એનું ગુલાબ છે, પણ લાડમાં એને સૌ ગુલબ્બો કહે છે."

(i) રામપ્રસાદ

(ii) નોકર

(iii) લેખક

**7.** નીચેના પ્રશ્નોના જવાબ લખો. *6*

(a) આ જન્મ સંબંધ તો ઋણાનુબંધની ઋજુગરવી કવિતા છે – સમજાવો.

(b) લેખકના મતે સારા અનુવાદનો માપદંડ જણાવો.

**8.** નીચેનાં કથનોને સમજાવો. *6*

(a) "મારા અંગ પરથી તે સો મણના આબરૂનો ભાર હતો તે ગયો."

(b) "શેઠ હજો તો આવા મોટા ગજાના હજો !"

(c) "હકીકત પવિત્ર છે, તેને વિશેની ટીકા મુક્ત છે."

---